## ચાલો નીચેના શાસ્ત્રવચનથી સમાપ્ત કરીએ:

“કેમ કે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો[ઈસુ ખ્રિસ્ત] આપ્યો, એ સારુ કે જે કોઈ તેના[ઈસુ ખ્રિસ્ત] પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. કેમ કે જગતનો ન્યાય કરવા સારુ નહિ, પણ તેનાથી જગતનું તારણ થાય, તે માટે દેવે પોતાના દીકરાને[ઈસુ ખ્રિસ્ત] જગતમાં મોકલ્યો છે. તેના પર જે વિશ્વાસ કરે છે, તે અપરાધી ઠરતો નથી; પણ જે વિશ્વાસ નથી કરતો, તે અપરાધી ઠરી ચૂક્યો છે, કેમકે દેવના એકાકીજનિત દીકરાના નામ પર તેણે વિશ્વાસ કર્યો નથી.”[૪]

“....માણસનો દીકરો [ઈસુ ખ્રિસ્ત] સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવાને, તથા ઘણાં લોકની ખંડણીને સારુ [મૂલ્ય આપી ખરીદવા] પોતાનો [ખ્રિસ્તનો] જીવ આપવાને આવ્યો છે.”[૫]

“પણ જેટલાંએ તેનો [ઈસુ ખ્રિસ્તનો ] અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના [ખ્રિસ્તના] નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવનાં છોકરા થવાનો અધિકાર આપ્યો.”[૬]



શાસ્ત્રવચન ઇસુ ખ્રિસ્ત, ઈશ્વરના દીકરા વિશે શું કહે છે?

**તે કહે છે કે,**

- ઈશ્વરે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો(ઇસુ ખ્રિસ્ત) આપ્યો
- જો આપણે ઈશ્વરના દીકરા પર વિશ્વાસ કરીએ તો આપણો (ઈશ્વરના કોપથી) નાશ નહિ થાય, પણ આપણને અનંતજીવન મળશે
- જગતનો ન્યાય કરવા સારુ નહિ, પણ તેનાથી જગતનું તારણ થાય, તે માટે ઈશ્વરે પોતાના દીકરા ને મોકલ્યો છે
- જો આપણે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરીએ તો આપણે અપરાધી ઠરીશું નહિ
- ખ્રિસ્તે તેમનું જીવન આપણા પાપોની ખંડણી માટે આપ્યું ; બીજા શબ્દોમાં આપણને મૂલ્ય આપી ખરીદવામાં આવ્યા
- અંતે, ઈશ્વરના સંતાન બનવા માટે આપણે ખ્રિસ્તનો અંગીકાર કરવો અને તેમના પર વિશ્વાસ કરવો જરૂરી છે

| | |
|---|---|
| ૧. રોમનોને પત્ર ૫:૬-૧૦ | ૪. યોહાન ૩:૧૬-૧૮ |
| ૨. રોમનોને પત્ર ૩:૨૩ | ૫. માથ્થી ૨૦:૨૮ |
| ૩. કરિંથીઓને પહેલો પત્ર ૧૫:૧-૪ | ૬. યોહાન ૧:૧૨ |

*(માત્ર અંગત ઉપયોગ માટે)*

વધુ જાણકારી માટે સંપર્ક;
whoisjesus008@gmail.com

Gujarati



# ઇસુ ખ્રિસ્ત કોણ છે

# ઇસુ ખ્રિસ્ત કોણ છે?

કેટલાક લોકો કહે છે કે ઇસુ ખ્રિસ્ત સારા શિક્ષક, ઉમદા વ્યક્તિ, પરાક્રમી પ્રબોધક હતા; કેટલાક લોકો કહે છે તેઓ ઈશ્વરના પુત્ર – માનવદેહમાં આવેલ ઈશ્વર હતા.

તમે શું કહો છો?

ઇસુ ખ્રિસ્તના જીવનનો હેતુ શું હતો?

શું આ બાબત જાણવી મારા માટે ખૂબ અગત્યની છે?

ઉપરના પ્રશ્નોના જવાબ મેળવવા, આપણે અમુક શાસ્ત્રવચન જાતે તપાસવા જરુરી છે. ચાલો આપણે વાંચીએ:

“કેમ કે આપણે હજી નિર્બળ હતા, એટલામાં યોગ્ય સમયે અધર્મીઓને સારુ ખ્રિસ્ત મરણ પામ્યો. હવે ન્યાયી માણસને સારુ ભાગ્યે જ કોઈ મરે; સારા માણસને સારુ તો કોઈએક કદાચ મરવાને પણ છાતી ચલાવે.પણ આપણે જયારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યો, એમ કરવામાં દેવ આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે. ત્યારે આપણને હમણાં તેના રક્તથી ન્યાયી ઠરાવવામાં આવ્યા છે, માટે તેની મારફતે દેવના કોપથી બચીશું તે કેટલું બધું ખાતરીપૂર્વક છે! કેમ કે જયારે આપણે શત્રુ હતા, ત્યારે જો દેવની ,સાથે તેના દીકરાના મરણ દ્વારા આપણો તેની સાથે મિલાપ થયો, તો મિલાપ થયા પછી આપણે તેના જીવનને લીધે બચીશું તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે;”[૧]

“...કારણ કે સઘળા એ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે;”[૨]

ઉપરના વચનો સમગ્ર માનવજાત માટે કેટલીક હકીકત દર્શાવે છે.તે કહે છે કે આપણે બધા જ

- નિર્બળ (અસહાય)
- અધર્મી
- પાપી જેઓ ઈશ્વરના મહિમા વિષે અધૂરા છે
- ઈશ્વરના શત્રુ (આપણા પાપી સ્વભાવના કારણે)
- ઈશ્વરના કોપને પાત્ર, જો આપણે તેમના પુત્ર પર વિશ્વાસ ના કરીએ તો

ઉપરના વચનો એમ પણ કહે છે કે,

- ખ્રિસ્ત અધર્મી (આપણા સર્વ) માટે મરણ પામ્યા
- આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યા, એમ કરવામાં ઈશ્વર આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે
- આપણને હમણાં ખ્રિસ્તનાં રક્તથી ન્યાયી (સંપૂર્ણ શુદ્ધ ) ઠરાવવામાં આવ્યા છે
- આપણને ખ્રિસ્ત દ્વારા ઈશ્વરના આવનાર કોપથી બચાવવામાં આવ્યા છે
- આપણો ખ્રિસ્તના મરણ દ્વારા ઈશ્વર સાથે મિલાપ (ઈશ્વરની કૃપાના હકદાર) થયો છે
- આપણો ખ્રિસ્તના જીવન દ્વારા બચાવ થશે

ચાલો વધુ સ્પષ્ટતા માટે આગળ વાંચીએ:

“હવે, ભાઈઓ, જે સુવાર્તા [સુસમાચાર] મેં તમને પ્રગટ કરી, જેનો તમે અંગીકાર પણ કર્યો, અને જેમાં તમે સ્થિર પણ રહ્યા છો, અને જેથી જે રૂપમાં મેં તમને તે પ્રગટ કરી તે જ પ્રમાણે જો તમે તેને પકડી રાખી હશે,અને અવસ્થા વિશ્વાસ કર્યો નહિ હોય તો જે દ્વારા તમે તારણ પામો છો, તે સુવાર્તા હું તમને જણાવું છું.કેમ કે જે મને પણ પ્રાપ્ત થયું તે મેં પ્રથમ તમને કહી સંભળાવ્યું કે, ધર્મશાસ્ત્ર પ્રમાણે ખ્રિસ્ત આપણાં પાપને સારુ મરણ પામ્યો; અને ધર્મશાસ્ત્ર પ્રમાણે તેને દાટવામાં આવ્યો ; અને ત્રીજે દિવસે તેનું ઉત્થાન થયું;”[3]

સુવાર્તા એટલે સુસમાચાર. ઉપરના શાસ્ત્રવચન પ્રમાણે સુસમાચાર શું છે?

- શાસ્ત્રવચન પ્રમાણે ખ્રિસ્ત આપણા પાપને સારુ મરણ પામ્યા
- ખ્રિસ્તને દાટવામાં આવ્યા
- શાસ્ત્રવચન પ્રમાણે ખ્રિસ્તનું ત્રીજા દિવસે ઉત્થાન થયું (સજીવન થયા)

શાસ્ત્રવચન એમ પણ કહે છે કે

- સુસમાચારનો અંગીકાર કરીને તેના પર વિશ્વાસ કરીએ
- આપણે સુસમાચારને પકડી રાખીએ અને તેમાં સ્થિર રહીએ
- આ સુસમાચાર દ્વારા આપણો બચાવ થયો છે